ગામમાં હળપતિવાસથી લઈ દરેક જગ્યાએ સ્ટ્રીટ લાઇટ, સીસીટીવી કેમેરા, ઘરે ઘર પાણીનાં કનેક્શન, મહિલાઓ તેમજ બાળકો માટે તળાવ કિનારે બેસવાના બાકડાથી લઈ વોક વેની સુવિધા......

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!





ટાઉન ટોક

# બમરોલી

## રોગચાળા બાદ રાજપૂતોએ વસાવેલું ગામ એટલે બારડોલીનું

બારડોલીનું બમરોલી ગામ ધીરે ધીરે વિકાસના પંથે આગળ વધી રહ્યું છે. અહીં વર્ષો પહેલા માત્ર હળપતિ આદિવાસીઓ અને રબારીઓની વસતી હતી. એ સમયે લગભગ ગામમાં 700 જેટલાં ઘર હતાં. આજે ગામમાં માત્ર 88 ઘર છે. વર્ષો અગાઉ બમરોલી ગામમાં પ્લેગ જેવો રોગચાળો ફાટી નીકળ્યો હતો. જેને લઈ ગામમાં એક પછી એક લોકો મોતને ભેટતા ગામમાં દહેશત ફેલાઈ ગઈ હતી. એક મૃતકને દફનાવીને આવે એટલે બીજી વ્યક્તિ મોતને ભેટી હોય. એક સમય એવો આવ્યો કે ગામમાં શબને ઉઠાવવા માટે ડાઘુઓ પણ રહ્યા ન હતા. આવા સમયે બચવા લોકો ઘર છોડીને આજુબાજુનાં ગામમાં સ્થળાંતર કરી ગયા. થોડા હળપતિઓ અને અનુસૂચિત જાતિનાં ઘરો રહ્યાં હતાં. બાદ બમરોલી ગામમાં ચાર અલગ અલગ ગામમાંથી રાજપૂતોનાં કુટુંબ આવતાં ગામમાં થોડી વસતી થઈ, જેમાં પલસાણા તાલુકાનાં પીસાદ, બારાસડી, અને અલથાણ તેમજ ભટારથી રાજપૂત પરિવારો બમરોલીમાં આવ્યા હતા. જોકે, તેમને સ્થાનિક રહીશોએ ઘર બાંધવા સામે વાંધો ઉઠાવતાં તે સમયે રાજપૂત આગેવાનોએ પુનાથી અંગ્રેજ સલ્તનત પાસેથી પરવાનગી લાવીને ઘર બનાવ્યાં હતાં. આ ચાર ઘરોમાંથી આજે રાજપૂત સમાજનાં 35 જેટલાં ઘરો થઈ ગયાં છે. ત્યારબાદ વાંકાનેરથી રબારી સમાજના વ્હાલી બા પરિવાર સાથે બમરોલી ગામે સ્થાયી થયાં હતાં. જેના ચાર પુત્રો જીવાભાઈ રબારી, ગોવિંદભાઈ રબારી, રામભાઈ રબારી તેમજ રાયસિંગભાઈ રબારીએ વસવાટ કર્યો હતો અને આજે રબારી સમાજનાં 12 જેટલાં ઘર છે. ગામનું નામ બમરોલી કઈ રીતે પડ્યું એ અંગે ગામના આગેવાનોને પૂછતાં જણાવ્યું હતું કે, રોગચાળા સમયે અહીં એક સંત આવ્યા હતા. તેમણે ગામના પીપળા નીચે આવેલા હનુમાન મંદિરમાં બેસીને પ્રાર્થના કરી હતી અને ગામને બમરોલી નામ આપ્યું હતું. આ નાનકડા ગામમાં 10થી પણ વધુ શિક્ષકો, 2 લેબટેક્નિશિયન, 1 ફોરેસ્ટર, 4 એન્જિનિયર, 1 તલાટી તરીકે ફરજ બજાવી વય મર્યાદાના કારણે નિવૃત્ત થયા છે. ગામમાં મહદઅંશે શેરડી, ડાંગર અને શાકભાજીની ખેતી કરવામાં આવે છે. ખેતી માટે નહેરનું પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી ખેડૂતો સિંચાઈ માટે નહેરના પાણીનો ઉપયોગ કરે છે. બારડોલી અને મહુવા સુગર ફેક્ટરી નજીક હોય ગામના ખેડૂતો મોટા ભાગે શેરડીની ખેતી પસંદ કરે છે. ગામનો મોટા ભાગનો વ્યવહાર તાલુકા મથક બારડોલી સાથે છે. આજે ગામમાં હળપતિવાસથી લઈ દરેક જગ્યાએ સ્ટ્રીટ લાઈટ, સીસીટીવી કેમેરા, ઘરે ઘર પાણીનાં કનેક્શન, મહિલાઓ તેમજ બાળકો માટે તળાવ કિનારે બેસવાના બાકડાથી લઈ વોક-વે આમ બમરોલી ગામ અનેક સુવિધાઓથી સજ્જ છે. ગામની કુલ વસતી 348 છે અને સાક્ષરતા દર 87.70 ટકા છે.



### હનુમાનજીનું મંદિર આસ્થાનું કેન્દ્ર

વર્ષ-1982માં હઠેસિંહ રાયસિંહ સોલંકી હનુમાનજીના ભક્ત હોય અને તે સમયે સ્વપ્નમાં વિચાર આવતા તેમના પૌત્ર મહેન્દ્રસિંહ સોલંકી અને સોલંકી પરિવાર દ્વારા રાજસ્થાનના જયપુરથી મૂર્તિ લાવી સ્થાપિત કરવામાં આવી હતી અને આજે વર્ષોથી સૌ ગ્રામજનો ભેગા મળી હનુમાન જયંતીની રંગે ચંગે ઉજવણી કરે છે. એટલું જ નહીં અહીં દૂર દૂરથી લોકો દર્શન માટે પણ આવે છે અને ભજન કાર્યક્રમનું પણ આયોજન યુવાઓ દ્વારા અવારનવાર કરવામાં આવે છે. ગામના વિકાસમાં જેમનો સિંહફાળો છે એવા રાજકીય અને સામાજિક આગેવાન મહેન્દ્રસિંહ પ્રભાતસિંહ સોલંકી 20 વર્ષ સુધી બિનહરીફ ડેપ્યુટી સરપંચ તરીકે સેવા આપી ચૂક્યા છે. તેઓ બારડોલી પીપલ્સ કો.ઓ.ક્રેડિટ સોસાયટીમાં 2011થી 2026 સુધી ઉપપ્રમુખ રહી હાલ તેઓ ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે. તેમજ તેમના કાર્યકાળ દરમિયાન તેમણે વિવિધ વિકાસનાં કામો પણ કર્યાં છે.





### બમરોલી ગામમાં ચોરીના બનાવ રોકવા રાત્રિ પેટ્રોલિંગ સઘન

બમરોલી ગામમાં પહેલા કેટલીકવાર તસ્કરોએ ચોરીનો પ્રયાસ કર્યો હતો. જોકે, તેઓ નિષ્ફળ રહ્યા હતા. બાદ સ્થાનિકોએ રજૂઆત કરતાં બારડોલી ગ્રામ્ય પોલીસે નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવ્યું છે અને હાલ જી.આર.ડી. જવાનોની ટીમ બમરોલી ગામે રાત્રિના સમયે તૈનાત કરી છે અને જવાનો પણ રાત્રિ દરમિયાન ખડેપગે પોતાની ફરજ બજાવી રહ્યા છે.



### આસ્થાનું પ્રતીક: ખોડિયાર માતાનું મંદિર

ગામમાં આવેલું આઈશ્રી ખોડિયાર માતાનું મંદિર અતિ પૌરાણિક છે. લોકવાયકા મુજબ ગામમાં ઘણાં વર્ષો અગાઉ તળાવના ખોદકામ સમયે માતાજીની પથ્થરની મૂર્તિ મળી આવી હતી. જે મૂર્તિની સાધુ દ્વારા સ્થાપના કરવામાં આવી હતી. વર્ષો વિત્યા બાદ ગંગાધરા ગામે રહેતા ભવાનભાઈ પ્રજાપતિ તેમજ તેમના પુત્ર હરિભાઈ, રમેશભાઈ સહિત ગ્રામજનો દ્વારા તેમનો જીર્ણોધ્ધર કરવામાં આવ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ જે પણ વ્યક્તિ સાચા મનથી માનતા માને તો તે અવશ્ય પૂર્ણ થાય છે અને શ્રદ્ધાળુઓ દૂર દૂરથી અહીં આવે છે અને આજે વર્ષોથી હરિભાઈ પ્રજાપતિ અને ગ્રામજનો દ્વારા દર વર્ષે 14 ફેબ્રુઆરીના રોજ માતાજીની સાલગીરીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે.

### ગ્રામજનોની એકતાને કારણે છેલ્લાં 35 વરસથી ગામમાં ચૂંટણી યોજાઈ નથી

બારડોલીના છેવાડે આવેલા નાનકડા ગોકુળિયા ગામ તરીકે ઓળખાતા બમરોલી ગામમાં આજે છેલ્લાં 35 વર્ષથી ચૂંટણી યોજાઈ નથી. જેનું મુખ્ય કારણ ગામની એક્તા છે. ગામમાં રાજપૂત સમાજ, રબારી સમાજ, માહ્યાવંશી સમાજ તેમજ હળપતિ સમાજના લોકો હળીમળીને રહે છે. ગામ સમરસ થવા માટે ગામના વડીલો તેમજ યુવાઓની એકતા હંમેશાં રંગ લાવે છે. ગામની ચૂંટણી હોય એટલે ગામના વડીલો ઈશ્વરસિંહ બારસડિયા, મોહનસિંહ, ગણપતસિંહ, મહેન્દ્રસિંહ સોલંકી, ઈશ્વરસિંહ ચાવડા સહિત ગામના તમામ સમાજના યુવાનો સોમનાથ મહાદેવ મંદિરે એકત્રિત થઈ ચૂંટણી વગર સૌની સંમતિથી સરપંચ-ઉપસરપંચની વરણી કરતા હોય છે. જેને સૌ ગ્રામજનો સહર્ષ સ્વીકાર કરે છે. જે અન્ય ગ્રામજનો માટે પણ આજે બમરોલી ગામ પ્રેરણારૂપ સાબિત થઈ રહ્યું છે.

### ગામના માજી સરપંચ તેમજ રાજકીય આગેવાનનો વિકાસમાં સિંહફાળો



સ્વ.દિનેશસિંહ પ્રતાપસિંહ ચાવડાને બમરોલી ગામમાં વર્ષો અગાઉ લોકોને પડતી સમસ્યા અંગે જાણ થતાં જ તેમણે સમસ્યા દૂર કરવાની ટેક પકડી હતી અને તેમના સાથી મિત્રો સાથે જે-તે સમયે રાજકારણમાં ઝંપલાવ્યું હતું અને ગામના સરપંચ તરીકેનો પણ પદભાર સંભાળી તેમના મિત્રો અને ગામના યુવાનો સાથે મળી ગામમાં સૌપ્રથમ ડામર રસ્તો બનાવ્યો તેમજ ગામમાં સ્ટ્રીટ લાઈટ, પાણીની લાઈન તેમજ બસ સ્ટેન્ડ તેમજ ગ્રામ પંચયાત બનાવી ગ્રામજનોને પડતી મુશ્કેલી દૂર કરી હતી.

### ગ્રામ પંચાયતના સભ્યો

- **સરપંચ:** ઉકેશભાઈ નટવરભાઈ નાયકા
- **ઉપ સરપંચ:** રાજેન્દ્રસિંહ અમરસિંહ ચાવડા
- **સભ્યો:** ધારાબેન પરેશસિંહ ચાવડા
- પ્રીતિબેન સુરેન્દ્રસિંહ સોલંકી
- મહાવીરસિંહ હરિસિંહ સોલંકી
- સુરેખાબેન મોહનભાઈ રબારી
- મગનભાઈ હળપતિ
- લક્ષ્મીબેન બળવંતભાઈ નાયકા
- પ્રવીણભાઈ મનુભાઈ કટારીયા
- **તલાટી:** વિપુલભાઈ રતિલાલભાઈ વાવડીયા

### ગામના ડેપ્યુટી સરપંચ રાજેન્દ્રસિંહ ચાવડાનો માનવીય અભિગમ



ગામના ડેપ્યુટી સરપંચ રાજેન્દ્રસિંહ અમરસિંહ ચાવડાનો ગામના વિકાસમાં સિંહફાળો રહ્યો છે. જેઓ હાલ થોડા મહિના માટે અમેરિકાના પ્રવાસે ગયા હોય, જેઓ બારડોલી ગ્રામ વિકાસમાં છેલ્લી બે ટર્મથી બિનહરીફ વિજેતા થઈ સેવા આપી રહ્યા છે, એટલું જ નહીં તેઓ બમરોલી દૂધ ઉત્પાદક મંડળીમાં 20 વર્ષ સુધી પ્રમુખ તરીકે અને હાલ ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે. તેમજ ગામમાં કોઈપણ વ્યક્તિ બીમાર હોય તો તેઓ અનેક પ્રકારના રિપોર્ટ બારડોલી સ્થિત તેમની રૂટલ લેબોરેટરીમાં વિનામૂલ્યે કાઢી આપે છે.

### બમરોલી ગામના જળદૂત: 23 વર્ષથી ગામની તરસ છીપાવતા દિનેશસિંહ



આજે માણસની પહેલી જરૂરિયાત હોય તો તે છે પાણી. જોકે, વાત કરીએ બમરોલી ગામની તો ગામના વડીલ દિનેશસિંહ નટવરસિંહ બારસડીયા 2003થી ગામમાં વોટરવર્ક્સનો ચાર્જ સંભાળી રહ્યા છે. અને સવાર-સાંજ બે ટાઈમ નિ:સ્વાર્થ ભાવે સેવા આપી રહ્યા છે. 66 વર્ષની ઉંમર હોવા છતાં પણ 23 વર્ષથી અવિરત કામગીરી કરી રહ્યા છે અને ગ્રામજનો પણ તેમની આ સેવાને બિરદાવી રહ્યા છે.

### જિ.પં.ના માજી ઉપપ્રમુખ ધર્મેન્દ્રસિંહનો ગામના વિકાસમાં ઉમદા ફાળો



નાનકડા ગામથી લઈ સુરત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ તરીકેની સફર ખેડનાર તેમજ રાજકીય અને સામાજિક અગ્રણી અને ગામના વિકાસમાં જેમનો ઉમદા ફાળો છે એવા ધર્મેન્દ્રસિંહ રણજીતસિંહ ચાવડા વર્ષ-2005થી 2008 દરમિયાન સુરત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રહી ચૂક્યા છે. તેઓ 2010થી 2015 દરમિયાન તાલુકા કોંગ્રેસ પ્રમુખ તેમજ 2004માં ટી.એસ.સી.ના મેમ્બર રહી ચૂક્યા છે.